


# કોંગી નેતાઓ ઈલેક્શન ટુરિઝમમાં આવતા હોય તેમ લાગે છે : જેટલી

## સ્પષ્ટ દેખાતો ગુજરાતનો વિકાસ સોનિયા ગાંધીને જ દેખાતો નથી : ગુજરાતમાં કોંગ્રેસ નેતૃત્વ વિહોણી છે અને ચૂંટણી જીતવાની ક્ષમતા ગુમાવી ચૂકી છેઃ કોના નેતૃત્વમાં ચૂંટણી લડાઈ રહી છે તે અંગે ખુલાસો કરવા પડકાર

અમદાવાદ, તા. ૮

રાજ્યસભાના વિરોધપક્ષના નેતા અરૂણ જેટલીએ આજે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ સોનિયા ગાંધીએ ગુજરાતનો વિકાસ નહિ થયો હોવા અંગે કરેલી ટિપ્પણીના તીવ્ર પ્રત્યાઘાત આપ્યા હતા. આજે અમદાવાદ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, સામાન્ય પ્રજાને જે નરી આંખે દેખાય છે તે ગુજરાતનો વિકાસ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખને દેખાતો નથી. હજુ થોડા મહિનાઓ પહેલા જ સોનિયા ગાંધી સુરત આવ્યા હતા જ્યાં એક સમારોહમાં તેમણે એવી ટકોર કરી હતી કે ગુજરાતને જ વિકાસ થયો છે તે માત્ર ભાજપના શાસનમાં જ નથી થયો. કોંગ્રેસનું પણ તેમાં યોગદાન રહ્યું છે. સુરતમાં થોડા સમય અગાઉ આવું નિવેદન કરનાર સોનિયા ગાંધી જ્યારે ગઈકાલે ચૂંટણી પ્રચારમાં આવ્યા હતા ત્યારે તેમના નંબર તદ્દન બદલાઈ ગયા હતા. આ મુદ્દે અરૂણ જેટલીએ એવો વ્યંગ કર્યો હતો કે, ગઈ વખતે અને આ વખતે સોનિયા ગાંધી માટે ભાષણ તૈયાર કરનાર વ્યક્તિઓ અલગ-અલગ હશે! જેના કારણે આમ થયું હશે.

ગુજરાતમાં ચૂંટણી પ્રચારના માહોલનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કાની ચૂંટણી પ્રચાર માટે હવે માત્ર ત્રણ દિવસ જ બાકી રહ્યા છે. ભાજપના ચૂંટણી એજન્ડામાં ભાજપનું વિતેલા વર્ષોનું પરફોર્મન્સ, નેતૃત્વ, નિર્ણય શક્તિ અને કુશળ શાસન વગેરેનો સમાવેશ થાય છે. જેનો ગુજરાતના વિકાસમાં વિશેષ પ્રભાવ રહ્યો છે અને તે ભાજપનો બુનિયાદી આધાર છે. જ્યારે કોંગ્રેસનો આધાર શું છે તેની કોઈને હજુ સમજણ પડતી નથી. કોંગ્રેસના ટોચના રાષ્ટ્રીય નેતાઓએ ઈલેક્શન ટુરિઝમમાં આવતા હોય તેમ ગઈકાલથી આવવાનું શરૂ કર્યું છે અને ૨૦૦૨ તથા ૨૦૦૭ની જેમ આ વખતે પણ કોંગ્રેસના આ નેતાઓ સીધા કે આડકતરી રીતે નરેન્દ્ર મોદીને જ ટાર્ગેટ બનાવી રહ્યા છે. કેન્દ્ર સરકારની સરખામણીમાં એક ડીસાઈસીવ લીડરશીપ ગુજરાતને



મળી હોવાથી તેઓ નરેન્દ્ર મોદીને જ ટાર્ગેટ કરી રહ્યા છે. જ્યારે ગુજરાતમાં કોંગ્રેસ કોના નેતૃત્વમાં ચૂંટણી લડી રહી છે તેની જાહેરાત કરતા પણ ડરે છે. તેમણે કોંગ્રેસ ઉપર ભારે શાબ્દિક પ્રહારો કરતાં વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના વિજ્ઞાપન અને પ્રચાર સામગ્રીમાં કોંગ્રેસના નેતાનું ચિત્ર ગાયબ થઈ ગયું છે. હવે કોંગ્રેસ બ્રાન્ડ એમ્બેસેડર દ્વારા પ્રચાર અભિયાન ચલાવી રહી છે. આવી નીતિ વેપાર-ધંધામાં કોઈ પ્રોડક્ટની જાહેરાત માટે હોઈ શકે પરંતુ રાજકીય ચૂંટણી પ્રચારમાં નેતૃત્વનો નિર્દેશ જરૂરી બની જાય છે. કોંગ્રેસ જે પ્રકારનો ચૂંટણી પ્રચાર કરી રહી છે તે માત્ર નકારાત્મક અભિયાન જ છે. જે નિર્દેશ કરે છે કે ગુજરાત કોંગ્રેસ નેતૃત્વ વિહોણું બની ગઈ છે અને ચૂંટણી જીતવાની ક્ષમતા પણ ગુમાવી બેઠી છે. માત્ર વોટ બગાડનારો જ તેમને પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે મદદ કરી રહ્યા છે. કોંગ્રેસ આવા અડધા અધૂરા અભિયાનથી ચૂંટણી જીતવામાં સફળ થઈ શકશે નહિ જ્યારે ભાજપ આ ચૂંટણીમાં સર્વોત્તમ દેખાવ કરશે અને ઐતિહાસિક જીત મેળવશે. કેશુભાઈ પટેલ વિશે પુછાયેલા જુદા જુદા વેધક પ્રશ્નોનો જેટલીએ ટૂંકો જવાબ આપતા જણાવ્યું હતું કે, કેશુભાઈ એક સમયે અમારા સન્માનીય નેતા હતા. આજે પણ અમે તેમનો આદર કરીએ છીએ પરંતુ પરિસ્થિતિ બદલાતા અત્યારે અમારો પક્ષ અને આખુ માળખું નરેન્દ્ર મોદીની જ સાથે છે.

## મોદીનો સત્તાનો યોગ હવે પૂરો થયો માત્ર પાંચ ટકા મતદારો વિરૂદ્ધ જાય તો મોદી સત્તા ગુમાવે : કેશુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૮

મોદી સરકારને આ વખતે ડબલ એન્ટી ઈન્કમલન્સીનો સામનો કરવાનો છે. એક તરફ તેમની નિષ્ક્રિય અને પ્રજાથી વિમુખ ધારાસભ્યોથી લોકો કંટાળ્યા છે. બીજી બાજુ પ્રજાની ઉપેક્ષા અને મોદીના જુઠ્ઠાણાથી પ્રજા થાકી છે. એમ કેશુભાઈ પટેલે જણાવ્યું છે.



ગુજરાત પરિવર્તન પાર્ટીના સ્થાપક અધ્યક્ષ કેશુભાઈ પટેલે પોતાના બ્લોગમાં મોદી સરકાર ઉપર આકરા પ્રહાર કરતાં જણાવ્યું છે કે મોદીએ પ્રજાના દિલમાંથી સ્થાન ગુમાવી દીધું છે. દર વખતે નો રીપીટ થીયરી ચલાવી તેઓ કુશાસનો બોજ સ્થાનિક ધારાસભ્યના માથે નાખી બચી જતાં હતાં પણ આ વખતે તો મોટા ભાગના ધારાસભ્યો પણ એના એ જ છે. મુખ્યમંત્રીનો ચહેરો બારેમાસ ચોવીસે કલાક જોઈને લોકો થાક્યા છે. ગુજરાત પરિવર્તન પાર્ટીએ મોટાભાગે યુવાન નવા ચહેરાઓને તક આપી છે. ભાજપ સાથે જોડાયેલા યુવાન કાર્યકરોની તક રીપીટ થીયરીથી ઝુંટવાઈ ગઈ છે.

કેશુભાઈએ બ્લોગમાં વધુમાં જણાવ્યું છે કે ગુજરાતનો મતદાર હવે વિચારી રહ્યો છે કે આ સરકારે ૧૧ વર્ષમાં મારૂ શું ભલું કર્યું ? પણ નથી આવ્યું રોજગારી નથી આપી શિક્ષણ એટલું મોંઘુ બનાવી દીધું કે ગરીબોનો દિકરો ડોક્ટર બની શકે નહીં. આટલી પીડાઓ સહન કર્યા પછી મોદીના જુઠ્ઠાણા સહન કરવાના પોતાની ભૂલ સ્વીકારવી નહી. પ્રજાને મદદ આપવી નહી માત્ર ભાષણમાં જુઠ્ઠાણા બોલી બીજાઓને અપમાનિત કરવા... આ ગુજરાતનાં સંસ્કાર નથી.

તેમણે જણાવ્યું છે કે અન્ના હજારે ગુજરાત આવ્યા ત્યારે તેમને કહેલુ કે ગુજરાતમાં દૂધની નહિ દારૂની નદીઓ વહે છે. મોદી સરકારે ગુજરાતની અસ્મિતા પર પ્રહાર કર્યો છે. આ બધા કારણો પ્રજા જાણે છે તેથી આ વખતે મોદીનો સત્તાયોગ પૂરો થશે એ દેખાઈ રહ્યું છે.

તેમણે જણાવ્યું છેકે ગુજરાતમાં ભાજપ વિરૂદ્ધ રોષની લાગણી છે કારણ કે તેમણે એકવાર નહિ અનેકવાર સમાજની લોકોની લાગણી દુભાવી છે. કેશુબાપા વિરૂદ્ધ પોતે નથી બોલતા એવો ડોળ કરનાર મોદીએ જ હલકી કક્ષાના નિવેદનો કરવા માટે સિદ્ધુને પ્રોત્સાહન પુરૂ પાડ્યું છે. કેશુભાઈ દેશદ્રોહી છે તથા તેમણે મત આપવો એ ગૌમાંસ ખાવા બરાબર છે. એવું કહેનાર સિદ્ધુને મોદીએ રોક્યા નથી. વખોડ્યા નથી. એ નિવેદન બદલ માફી માંગી નથી. ઉલટાનું મુક સંપતી પ્રગટ કરીને પોતેજ આ નિવેદનોની પાછળ છે એ સ્પષ્ટ કરી દીધું છે.

બ્લોગમાં વધુમાં તેમણે જણાવ્યું છે કે મોદી તો લાગણીહીન અને કયા પ્રકારના રાજકારણી છે એ આ નિવેદનોમાં તેમની ભૂમિકાથી સ્પષ્ટ થઈ ગયું છે. પરંતુ ભાજપના રાષ્ટ્રીય નેતાઓ પણ તેમની સંવેદનશીલતા ગુમાવી બેઠા છે. જે નેતાઓ ૬ દાયકાથી મારી રાષ્ટ્રભાવના અને પ્રજા માટેના ખાસ કમીટમેન્ટથી વાકેફ છે તેઓ પણ ધૃતરાષ્ટ્રની જેમ ચૂપ રહ્યા.

### અર્જુન મોઢવાડિયાના સરકાર પર તેજાબી પ્રહારો

## લોકાયુક્તની નિમણુંક રોકવા ભાજપે કરોડો રૂપિયા ખર્ચ્યા

અમદાવાદ, તા. ૮

કેગ દ્વારા શોધી કઢાયેલ ૪૨ હજાર કરોડ રૂપિયાનો તથા ગુજરાતમાં ૧૭ કૌભાંડોમાં ૧ લાખ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર કરનાર નરેન્દ્ર મોદીએ યેદીરપ્પાના અનુભવ પછી ૮ વર્ષથી લોકાયુક્ત નિમવા દીધા નહતા. રાજ્યના મુખ્ય ન્યાયાધીશની સલાહ પ્રમાણે રાજ્ય પાસે લોકાયુક્તની નિમણુંક કરી એટલે આ નિમણુંક અટકાવવા માટે મોદી સરકારે કરોડો રૂપિયાની ફી અને નાણાંની બેફામ ખર્ચ કર્યો હોવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ કર્યો હતો.

અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, લોકાયુક્તની નિમણુંક અટકાવવા માટે મોદી સરકારે સરકારી ખર્ચમાં કે. કે. વેણુગોપાલ, સોલી સોરાબજી તથા મુકુલ રોહતગી જેવા માતબર ફી



લેતા વકીલોની ટીમ રોકી હતી. આ વકીલોને કરોડોની ફી ચુકવાઈ છે. આ ઉપરાંત રાજ્યના એડવોકેટ જનરલ તથા બે સરકારી વકીલો તથા સિનિયર એડવોકેટ યતીન ઓઝા ૩૦ રાત સુધી દિલ્હીમાં ગુજરાત ભવન હોવા છતાં તાજ હોટેલ જેવી અતિ મોંઘી હોટેલમાં રોકાયા હતા.

આ ઉપરાંત લોકાયુક્તની નિમણુંકનો વિરોધ કરવા માટે બે કહેવાતી સ્વૈચ્છિક સંસ્થાઓ (એનજીઓ) પણ વિરોધ પીટીશનમાં સુપ્રીમ કોર્ટમાં રજુઆત કરવા જોડાયા હતા. આ એનજીઓના ખાતામાં નહીંવત રકમ હોવા છતાં આ એનજીઓએ પણ મીહીર ઠાકોર, અમીત પંચાલ જેવા ગુજરાતના સિનિયર કાઉન્સેલ તથા સુપ્રીમ કોર્ટના ડો. રાજીવ ધવન જેવા સિનીયર કાઉન્સેલ રોક્યા હતા. અર્જુન મોઢવાડિયાએ નરેન્દ્ર મોદી સરકારને સણસણતો સવાલ ઉભો કર્યો હતો કે, આ વકીલોની ફી તથા કેસ લડવાનો અન્ય ખર્ચ મોદી સરકારે કોની પાસેથી અપાવ્યો છે ? કોંગ્રેસના આક્ષેપોનો મારો પણ જારી રહ્યો છે.

### મોદીનો આક્રમક કાર્યક્રમ યથાવત જારી

## મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૮ જાહેરસભાને સંબોધન કરશે

**મોદી સવારે પંચમહાલ જિલ્લાના પ્રતાપપુરા મેદાન ખાતે પ્રથમ અને જીવરાજપાર્ક ખાતે અંતિમ સભાને સંબોધશે**

અમદાવાદ, તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. દરરોજ મોદી શ્રેણીબદ્ધ સભાઓ સંબોધી રહ્યા છે. આના ભાગરૂપે જ આવતીકાલે મોદી આઠ જાહેરસભા સંબોધશે. ગુજરાતમાં બે તબક્કામાં ૧૩મી અને ૧૭મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાનાર છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સવારે ૯.૦૦ કલાકે પંચમહાલ જીલ્લાના પ્રતાપપુરા મેદાન, સંતરામપુર ખાતેથી પોતાનો ઝંઝાવાતી પ્રવાસ જાહેરસભા સંબોધી પ્રારંભ કરશે અને અંતિમ સભાને અમદાવાદમાં સંબોધન કરશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સંતરામપુરથી જાહેરસભા સંબોધી ૧૦.૧૫ કલાકે દાહોદ જીલ્લાના સંજેલીમાં ૧૧.૩૦ કલાકે વડોદરા જીલ્લાના પાવી જેતપુરમાં બજાર સમિતિ મેદાન ખાતે જાહેરસભાને સંબોધશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૧૨.૫૫ કલાકે ભરૂચ જિલ્લાના વાગરા ખાતે એપીએમસી મેદાનમાં, ૨.૧૫ કલાકે નર્મદા જીલ્લાના સેલમ્બા, સાગબારામાં સભાને સંબોધશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૯ ડિસેમ્બરના કાર્યક્રમની વિગતો આપતા પ્રદેશ ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશભાઈ ભાવસારે વધુમાં જણાવ્યું છે કે નરેન્દ્ર મોદી બપોરે ૩.૫૦ કલાકે રામરોટી મેદાન સ્ટેડિયમ રોડ, વલસાડ ખાતે સભા સંબોધી સાંજે ૬.૦૦ કલાકે કોર્ટસાફીલ રોડ, સુરત ખાતે સભા સંબોધશે. મુખ્યમંત્રી ૯ ડિસેમ્બરના રોજ મધ્ય અને દક્ષિણ ગુજરાના ૬ જીલ્લા, સુરત મહાનગરમાં સભા સંબોધી અંતિમ સભા અમદાવાદમાં સંબોધશે.

### ચૂંટણીનો માહોલ પૂરજોશમાં જામી રહ્યો છે

# ઠંડીની મોસમમાં ચૂંટણી ચકચારની ગરમી

'તમને શું લાગે છે ?' 'આ વખતે કોણ જીતશે ?' 'ભાજપને આ વખતે કેટલી સીટો મળશે ?' 'મોદી ભાજપને ૧૨૦ કરતાં વધારે બેઠકો અપાવી શકશે ?' 'કેશુભાઈ કેટલી બેઠકો મેળવી શકશે ?' 'કોંગ્રેસનું શું થશે ?' 'આપણા વિસ્તારનું શું લાગે છે ?' 'ચૂંટણીમાં તમારી ડ્યુટી ક્યાં ફિક્સ થઈ છે ?'......

આવા સવાલોનો આજકાલ રાફડો ફાટ્યો છે. ચોરે ને ચૌટે બસ ચૂંટણીની જ ચર્ચા છે. એનું કારણ આપણે સૌ જાણીએ છીએ- ચૂંટણી હવે હાથવેંતમાં છે. અને કારણ ગમે તે હોય, આપણા રસ અને રૂચિના વિષયો ભલે ગમે તે હોય પણ જ્યારે જ્યારે ચૂંટણી આવે ત્યારે ત્યારે આપણે સૌ ઇચ્છા-અનિચ્છાએ, વધુ કે ઓછા પ્રમાણમાંય એની ચર્ચાઓમાં તો જોડાઈ જ જઈએ છીએ (સામાજિક પ્રાણી છીએ ભાઈ ! માત્ર ચૂંટણી પ્રસંગે જ નહીં, કોઈપણ તહેવાર કે ઘટના પ્રસંગે પણ આપણે આ જ કરીએ છીએ - 'એનામય' થઈ જઈએ છીએ) !

ચૂંટણીની ચર્ચા ક્યાં-ક્યાં છે ? એમ પૂછવા કરતાં ક્યાં નથી ? એમ પૂછવું વધારે યોગ્ય છે.

વહેલી સવારે વિદ્યાર્થીઓને સ્કૂલ સુધી લઈ જતાં વાહનોના ચાલકોમાં ચૂંટણીની ચર્ચા છે, તો એ વાહનોમાં



બેઠેલા વિદ્યાર્થીઓ પણ પોતાની સમજ અનુસાર ભાજપ-કોંગ્રેસની ચર્ચા કરે છે. એ પછી શાકવાળા, કર્મચારીઓ, વેપારીઓ, કોલેજ સ્ટુડન્ટ્સ, શહેરની મુલાકાતે આવતા મુલાકાતીઓ અને ગૃહિણીઓ તથા વરિષ્ટ નાકરિકો પણ આ જ બાબતની ચર્ચા કરતા જોવા મળે છે.

ગાંધીનગરમાં કર્મચારીઓનો વર્ગ મોટો છે એ નાતે એમનામાં ચર્ચા જોવા મળે છે ચૂંટણી અંગેની ટ્રેનીંગની અને ચૂંટણીમાં પોતાની ફરજ અંગેના સ્થાનની. કર્મચારીઓ ભેગા મળે ત્યારે પોતાની ટ્રેનીંગ અંગેની ને પોતે કઈ જગ્યાએ ગયા હતા, ચૂંટણીમાં પોતાને સંભવિત ક્યાં મૂકવામાં આવશે એની વિગતો રસપૂર્વક આપે છે.

બીજી બધી બાબતો જાણે ભુલાઈ ગઈ છે. ઠંડી પડે છે કે નથી પડતી



અથવા આ વખતે કેમ ઓછી પડે છે એ બધા જ મુદ્દા અત્યારે ગૌણ થઈ ગયા છે. વિદ્યાર્થીઓની પરીક્ષા મોડી લેવાશે એ બાબતની વાલીઓને જાણે ચિંતા જ નથી રહી. સૌની ચર્ચામાં મુદ્દો છે તો બસ ચૂંટણીનો અને એમાંય ચૂંટણી કોણ જીતશે એનો.

અગાઉનાં વર્ષોમાં પણ ચૂંટણી પ્રસંગે વાતાવરણમાં ગરમી તો આવી જ જતી હતી અને લોકોમાં ચર્ચાઓ પણ થવા લાગતી હતી. પરંતુ આ વખતે ચૂંટણીની ચર્ચા વધુ થવામાં બે ફેક્ટર વધુ કામ કરી ગયા છે : એક ફેક્ટર છે કેશુભાઈ અને એમની પરિવર્તન પાર્ટી અને બીજું ફેક્ટર છે અપક્ષ ઉમેદવારોની વધેલી સંખ્યા.

અગાઉના વર્ષોમાં સ્પર્ધા મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેતી હતી, પરંતુ હવે એવું નથી. પરિવર્તન પાર્ટીની પણ નોંધ લેવી પડે છે અને એ જ રીતે નોંધ લેવી પડે છે સંબંધિત વિસ્તારના જાણીતા અપક્ષ ઉમેદવારની.

છેલ્લાં પંદર વર્ષોમાં જે રીતે રાજકારણ એક પ્રોફેશન તરીકે ઊભરી આવ્યું છે અને સત્તાનો જે મદ લોકોની આંખોમાં આવ્યો છે એને કારણે હવે દરેક ચૂંટણીમાં ઉમેદવારોની સંખ્યા વધતી જ જાય છે, સત્તાનો સ્વાદ ચાખવા ઇચ્છનારાઓની સંખ્યા વધી રહી છે અને એ કારણે ચૂંટણીમાં ઉમેદવારી કરનારા વ્યક્તિઓની સંખ્યા પણ વધી રહી છે.

એ કારણે હવે પરિસ્થિતિ એ આવીને ઊભી રહી છે કે સંબંધિત વિસ્તારમાં ઊભા રહેલા બે કે તેથી વધુ



ઉમેદવારને તો મતદારો સારી રીતે ઓળખતા હોય છે. આમ, એકથી વધુ ઉમેદવારોની નજીક હોવાની અને સામેવાળા કોના તરફ છે એ જાણવાની જિજ્ઞાસા આ ચૂંટણીની ચર્ચામાં વધુ દેખાઈ રહી છે. પોતે કોના તરફ છે એ મુદ્દો ભલે સ્પષ્ટ ન કરે, પણ સામેવાળાના મનમાં શું છે એ જાણી લેવાની ઇચ્છા દરેકની વાતોમાંથી ડોકાઈ રહી છે. એ પછી શરૂ થાય છે લેખાંજોખાં. એમાં ઉમેદવારની અંગત જિંદગીના ઇતિહાસથી માંડીને એના કાર્યકાળની જોયેલી-સાંભળેલી-ચર્ચાતી વાતોનો ખજાનો ખૂલે છે અને દરેક વાત જાણે પોતાની હાજરીમાં જ બની હોય એટલા મજબૂત દાવા સાથે એને રજૂ કરવામાં આવે છે ! અને આખરે દાવા થાય છે પોતાને ગમતા ઉમેદવારની જીતના.

એ કારણે શરતો લગાવનારો વર્ગ પણ છે ! ચૂંટણી સાથે કંઈ લેવા-દેવા ન હોય, તોય શરતો લગાવનારાઓ અહીં ઘણા છે અને એ જ રીતે ઇરાદાપૂર્વક ટૂંકા ગાળામાં નફો કમાવા માટે સટ્ટો રમનારાય ઘણા !

જી હા, સટ્ટાનું બજાર પણ ગરમ છે. લાખો રૂપિયા સટ્ટામાં લાગી ચૂક્યા છે, જેમાં જીત મળશે કે હાર એ ચૂંટણીના પરિણામો પર આધારિત છે.

અને છેલ્લે, ચૂંટણીનું વાતાવરણ કેટલું જામ્યું હશે એની પરાકાષ્ટા દેખાય છે લગ્નોના માહોલમાં. મુહૂર્તો છે એટલે લગ્નો તો છે જ અને એના સમારંભો પણ છે જ, પરંતુ તેમ છતાં લગ્નોમાં હવે સગાઓની, કોણ નથી આવ્યું એની અને મેક-અપ, કપડાંની વાતો નથી થતી. હવે તો ત્યાં પણ તમારે ત્યાં શું લાગે છે ? કોણ જીતશે ? એવી જ વાતો થઈ રહી છે !